# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ:-03 તા.૧૩.૦૪.૨૦૨૧

**તારીખ 14 એપ્રિલ 2021 ને બુધવારના રોજ થી મુસ્લિમ સમુદાય નો જે પવિત્ર માસ રમઝાન માસ માટે ભાજપા અધ્યક્ષશ્રી સી.આર. પાટીલ વતી હું મોહસીન લોખંડવાલા ગુજરાત બીજેપી લઘુમતી મોર્ચા ના દરેક કાર્યકર્તાઓ અને મુસ્લિમ સમાજના બિરદારોને શુભેચ્છા પાઠવું છું.**

---------------

**આજની કોરોના ની વર્તમાન ગંભીર પરિસ્થિતિ ને ધ્યાન માં રાખીને સરકારી ગાઈડ લાઈન ના પાલન સાથે રોઝા અને ઈબાદત કરશે જેથી આપણે આ બીમારી ને હરાવી શકીએ.- મોહસીન લોખંડવાલા**

---------------

**આ પવિત્ર મહિનામાં દયા, ભાઈચારો અને કરૂણા ફેલાવીએ અને આપણે કોવિડ -19 સામે ચાલી રહેલી લડાઇમાં જીત મેળવીને સ્વસ્થ વિશ્વ બનાવવામાં સફળ થઈએ.- મોહસીન લોખંડવાલા**

---------------

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ અખબારી યાદીમાં જણાવે છે કે, ગુજરાત પ્રદેશ ભાજપા અધ્યક્ષશ્રી સી.આર. પાટીલ અને લઘુમતી મોરચાના અધ્યક્ષ ડો. મોહસિનભાઈ લોખંડવાલા તથા સમસ્ત ભાજપ લઘુમતી મોરચાના કાર્યકર્તાઓ તરફથી દરેક મુસ્લિમ બિરાદરો ને "પવિત્ર રમઝાન માસની શુભેચ્છા" પાઠવે છે.

તારીખ 14 એપ્રિલ 2021 ને બુધવારના રોજ થી મુસ્લિમ સમુદાય નો જે પવિત્ર માસ રમઝાન માસ શરૂ થાય છે તે માટે ભાજપા અધ્યક્ષશ્રી સી.આર. પાટીલ વતી હું મોહસીન લોખંડવાલા ગુજરાત બીજેપી લઘુમતી મોર્ચા ના દરેક કાર્યકર્તાઓ અને મુસ્લિમ સમાજના બિરદારોને શુભેચ્છા પાઠવું છું. આપણે આપણા પયગંબર મહંમદ સાહેબના પવિત્ર વિચારોને યાદ કરીએ, જેમણે એકતા, દયા અને દાનના મહત્વ પર ભાર મૂક્યો હતો. પવિત્ર રમઝાન માસનો પણ આ જ ગુણ છે."

આ પવિત્ર રમઝાન માસમાં દરેક મુસ્લિમ બિરાદર થી આશા રાખું છુ કે આજની કોરોના ની વર્તમાન ગંભીર પરિસ્થિતિ ને ધ્યાન માં રાખીને સરકારી ગાઈડ લાઈન ના પાલન સાથે રોઝા અને ઈબાદત કરશે જેથી આપણે આ બીમારી ને હરાવી શકીએ.

આ પવિત્ર રમઝાન માસમાં હું દરેકની સલામતી, આરોગ્ય અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરું છું. આ પવિત્ર મહિનામાં દયા, ભાઈચારો અને કરૂણા ફેલાવીએ અને આપણે કોવિડ -19 સામે ચાલી રહેલી લડાઇમાં જીત મેળવીને સ્વસ્થ વિશ્વ બનાવવામાં સફળ થઈએ.

**પ્રદેશ મીડિયા કન્વીનર**
**ડૉ યજ્ઞેશ દવે**